# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

પહોંચે રેલાઓ, વીવીઆઇપી સુધી એની કાણ છે!
કૂણા કાયદા વચ્ચે અહીં 'દબાણો'ની આણ છે!
પોલીસને તાણ બંદોબસ્તની - ચીખે છે સાયરનો -,
'સાંસ્કૃતિક'-'સ્વૈચ્છિક'-સંસ્થાઓ જ નગરનો પ્રાણ છે

## હાઇકુ

હેપી બર્થ ડે,!!
પ્રૌઢ ગાંધીનરરર -
'પચાસ' થયાં..

પડ્યું 'ચાસ'માં -
ચાલે પરિપત્રોથી -
ફાલે ફાઇલે..

## ચિંતન

**સંત સ્વતઃ પ્રકાશન્તે ગુણા ન પરતો નૃણામ્ । અમોદો નહિ કસ્તૂર્યાઃ શપથેન વિભાવ્યતે ॥**

મનુષ્યોના સારા ગુણ-સદ્ગુણો હોય તો આપોઆપ પ્રગટ થાય છે અને ફેલાય જ છે એને માટે કોઇ બીજા દ્વારા પ્રચાર કરવાનો રહેતો નથી. જેમ કસ્તૂરીની સુગંધ કોઇ પ્રચાર કે પ્રયત્ન વિના કે સોગંદ ખાઇને પોતાને પ્રચાર કરવો પડતો નથી. અર્થાત્ કસ્તૂરીની સુગંધ તો આપોઆપ ફેલાય છે.

આજકાલ સાધુ-સંતો-યોગીઓ-નેતા-સાહિત્યકારો-બધા કલાકારો - પોતાની આવડત સદ્ગુણના પ્રચાર કરે છે. જયોતિષી મોટી જાહેરખબરો છપાવે છે. ટીવીમાં જોવાનું ઓછું જાહેરાતો વધારે હોય છે.

જે કોઇ વસ્તુ-માણસમાં જો સદ્ગુણ અને સારી ઉપયોગીતા હોય તો તેનો ફેલાવો આપોઆપ કર્ણોપકર્ણ કે મુખોપમુખ થઇ જ જાય એમાં ઢંઢેરા-નગારાં વગાડવાની જરૂર ન પડે - સદ્ગુણ - કૌશલ્ય એક સુગંધ છે એના માટે પ્રચારની જરૂર પડતી નથી એનો આપોઆપ પ્રચાર થાય છે. કસ્તૂરીની સુગંધ છાની રહેતી નથી.

## સુવિચાર

- કાયર ત્યારે જ ધમકી આપે છે જયારે તે સુરક્ષિત હોય છે - **સેનેકા**
- નિયમોનું નિર્માણ માણસ માટે થયું છે.. માણસનું નિર્માણ નિયમો માટે નથી થયું - **જ્ઞાનસૂત્ર**
- નાનું પણ દુષ્કૃત્ય કરવા બદલ શરમ આવવી એ નૈતિકતાની નિશાની છે - **ફુલછાબ**
- બેલેટ બુલેટ કરતાં પણ શક્તિશાળી છે - **મોરારજી દેસાઇ**
- જો લોગ જૂતોં કે સાથ પેંડો પર ચઢ નહીં પાતે વો લોગ કુર્સિયાં બનવાતે હૈ.. - **સુર્યભાનુ ગુપ્ત**
- કોઇ પણ કાર્યનો શુભારંભ ગમે તેવો પણ થાય પણ તેની પૂર્ણાહૂતિ મીઠાશથી ભરપૂર હોવી જોઇએ - **ઇઝરાયેલી કહેવત**
- કારણ વિના રાજ કરે તે રાજકારણી - **કૌટિલ્ય**

(સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

પંડિત મદનમોહન માલવિય વારાણસી-બનાવર યુનિવર્સિટીના કુલપતિ - સ્થાપક હમણાં મોદી સાહેબને કારણે યુનિ.ના દ્વારે માલવીયજી...નાં મૂર્તિના દર્શન આપણે સૌ એ ટીવીમાં કર્યા..

યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પરિચય અને મૂલાકાત સાથે અનુભવ સાંભળવા મળે એટલે વિશ્વવિખ્યાત પહેલવાન 'ગામા' ને એકવાર યુનિ. માટે લાવ્યા. અને વિદ્યાર્થીઓને કહ્યું 'પહેલવાન ગામા - વિશ્વ વિખ્યાત છે એમને જીવનમાં ખૂભ સંઘર્ષ કર્યા છે એમના અનુભવો એમને મુખે સાંભળી એમના જીવનમાંથી પ્રેરણા લઇ તમે પણ એના જેવા થવા પ્રયત્ન કરજો.'

- પછી પહેલવાન ગામા બોલવા ઊભા થયા અને કહ્યું - મારા વહાલાં મિત્રો, તમે મારા જેવા થવા કયારેય પણ પ્રયત્ન કરશો નહીં - કારણ કે જીવનમાં હંમેશાં મેં બીજાને પછાડીને જ વિજય મેળવ્યો છે. બીજાને પાડી ઉપર આવવું એ કંઇ જીવન નથી.' હું તો ઇચ્છું છું કે તમે પંડિતજી જેવા બનજો. પંડિતજીએ જ્ઞાનના પ્રચાર દ્વારા કેટલાંય જીવનમાં રોશની ફેલાવવાનું સદ્કાર્ય કર્યું છે. એમના જેવા લોકસેવકને મેં આજ સુધી જોયા નથી.'

પહેલવાન ગામાની નમ્રતા જોઇ વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રભાવિત થયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# પ્રવાસધામ બનતુ પાટનગર

## અક્ષરધામ અને મહાત્મા મંદિરથી વૈશ્વિક ઓળખ મળી છતાં હજુ પણ પ્રવાસીઓને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાન અને સેક્ટર-૨૮નો બાલોધાન આકર્ષે છે : ગાંધીનગર હજુ પણ બગીચા અને ફૂલોનું શહેર છે

(સમીર રામી) ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરનો જન્મ થયો ત્યારથી લઈને અત્યાર સુધી ઘણાં કારણોસર આ નગર સતત ચર્ચામાં રહ્યું છે. એક તો રાજ્યનું રાજકીય પાટનગર હોવાને કારણે પ્રવાસ માટેનું પણ અગત્યનું સ્થળ બની ચુક્યું છે. ગાંધીનગરના ઘણા જોવાલાયક સ્થળો પ્રવાસીઓને અહીં આવવા માટે મજબૂર કરે છે. આવો ગાંધીનગરના જન્મ દિને આ સ્થળોની ઝલક મેળવીએ.

● અક્ષરધામ, (સે. ૨૦)

બીએપીએસ સંસ્થાના પૂ. પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી સેક્ટર-૨૦માં આકાર પામેલું 'અક્ષરધામ' મંદિર એ ગાંધીનગરની ઓળખ બની ચુક્યું છે. સ્વામિનારાયણ સંપ્રદાયના આ અદ્ભૂત કલાત્મક મંદિરને ગુજરાતનો તાજમહેલ પણ કહેવામાં આવે છે. આ મંદિરની ઉંચાઇ ૧૦૮ ફૂટ છે, જ્યારે તેની લંબાઈ ૨૪૦ ફૂટ અને પહોળાઈ ૧૩૧ ફૂટ છે. રાજસ્થાનના શિલ્પકલાકારોની અદ્વિતિય કોતરણી ઉપરાંત અક્ષરધામમાં આવેલ 'સત્-



ચિત-આનંદ વોટર શો' હવે વિશ્વ વિખ્યાત બની ચૂક્યો છે. આ ઉપરાંત આ સંકુલમાં એમ્યુઝમેન્ટ પાર્ક, પ્રેમવતી ઉપહારગૃહ અને લગભગ ૬૪૫૬૦૦ ચો. ફૂટમાં વિકસેલ સહજાનંદ વન પણ તેની અનન્ય બાગાયતી કર્તન કળાને કારણે પ્રવાસીઓમાં વિખ્યાત છે. અક્ષરધામમાં વિકલાંગ મુલાકાતીઓ માટે વ્હીલચેરની વ્યવસ્થા છે અને અહીંના પ્રેમવતી ઉપહાર ગૃહની સ્વામિનારાયણ ખીચડી દાઢે વળગે તેવી સ્વાદિષ્ટ હોય છે.

● ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાન, (સે. ૧)

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાન એ પ્રકૃતિપ્રેમીઓ અને વન્યજીવોના અભ્યાસુઓ માટેનું પસંદગીનું સ્થળ છે. આ ઉધાનમાં આવેલ પ્રાણી સંગ્રહાલયમાં વાઘ, દીપડો, રીંછ, હરણ, કાળિયાર, નીલગાય ઉપરાંત શાહુડી, શિયાળ અને સસલા પણ છે. અહીં મગર અને કાચબાની અસંખ્ય પ્રજાતિ સચવાયેલી છે. આ પાર્કમાં મુખ્ય આકર્ષણ હવે ડાયનાસોર પાર્ક છે. જેમાં સમયના કાલખંડોમાં ક્યારેક અસ્તિત્વ ધરાવતા ડાયનાસોરની આબેહૂબ પ્રતિકૃતિઓ ઉપરાંત ઘણા જીવાષ્ટિઓ અને અઢળક માહિતિનો ખજાનો સંઘરાયેલો પડ્યો છે. આ ઉપરાંત આ પાર્કમાં આવેલા બોટનીકલ ગાર્ડનમાં દુર્લભ જડીબુટ્ટીઓ અને અલભ્ય વૃક્ષોનો ઉછેર કરી તેનુ જતન કરવામાં આવે છે. અહીં સર્પગૃહ અને પંખીગૃહ પણ છે અને તેમાં ૧૮૦ પ્રકારના પક્ષીઓ વસવાટ કરે છે. આ ઉધાનનો બીજો ભાગ અરણ્યવન તરીકે ઓળખાય છે જેમાં હરણોધાન અને પતંગીયા પાર્ક પણ આવેલો છે.

● મહાત્મા મંદિર : (સે. ૧૩)

ગુજરાતના પાટનગર ગાંધીનગરને વૈશ્વિક સ્તરે ઓળખ આપવાનું કામ હવે 'મહાત્મા મંદિરે' ઉપાડી લીધુ છે. ભારતના હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગાંધીનગરમાં મહાત્મા મંદિરનું નિર્માણ પ્રારંભ કરાવી અહીં 'કોન્ફરન્સ ટુરિઝમ'ના વિકાસ માટેના દ્વાર ખોલ્યા હતા. આર્કિટેક્ચરલ દૃષ્ટિએ પણ ખૂબ વખણાયેલી ડિઝાઈન અને તેના નિર્માણ કાર્યની ઝડપથી સુવિખ્યાત આ સ્થળ ૩૪ એકરમાં રૂ. ૨૧૫ કરોડથી પણ વધુ ખર્ચે વિકાસ પામ્યું છે. અહીં ૨૫૦૦ વ્યક્તિઓ એક સાથે બેસી શકે તેવા ૪ સેમિનાર હોલ અને



૫૦૦૦ વ્યક્તિઓ બેસી શકે તેવુ કોન્વેન્શન સેન્ટર બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત આ મહાત્મા મંદિરમાં ભારતની આઝાદીના પ્રણેતા 'મહાત્મા ગાંધી' ના સ્મૃતિ ચિહ્નોનું પ્રદર્શન અને વિશાળ સેન્ટ્રલ વિષ્ટા પાર્ક વિકાસ પામી રહ્યા છે.

● બાલોધાન : (સે. ૨૮)

ગાંધીનગરના ઉદય સાથે સૌથી પહેલા નિર્માણ પામેલ આ વિશાળ બાલોધાન આજે પણ આખા જિલ્લા અને તેની આસપાસના લોકો માટે પસંદગીનું પિકનિક સ્થળ છે. લોકો અહીં પરિવાર અને મિત્રો સાથે રજાઓના દિવસોમાં ભીડ જમાવે છે. આ ઉધાનમાં ચાલતી બેબી ટ્રેન, બોટીંગ, એમ્યુઝમેન્ટ પાર્ક, તળાવ અને વિશાળ બગીચો તેનું મુખ્ય આકર્ષણ છે. પારિવારિક મનોરંજન માટે આ ગાંધીનગરાઆનું સૌથી પસંદગીનું સ્થળ છે, અહીં દરેક ધર્મ, જ્ઞાતિ કે સામાજિક મોભો ધરાવતા લોકો આનંદ કરવા આવે છે.

● વિઠ્ઠલભાઈ પટેલ વિધાનસભા ભવન : (સે. ૧૦)

ગુજરાત રાજ્યની વિધાનસભા ગૃહ ગાંધીનગરની એક આગવી ઓળખ બન્યું છે. રાજ્યના પાટનગરની સ્થાપના થઈ તે પહેલા એવુ કહેવાય છે કે સાબરમતી આશ્રમ ખાતે વિધાનસભા મળતી હતી. હાલ ૧૮૨ ધારાસભા બેઠકો ધરાવતી આ વિધાનસભા આધુનિક ઉપકરણો અને સુરક્ષા કર્મીઓથી સજ્જ છે. આ ભવન તેની મધ્યમાં વિશાળ ગોળાકાર ડોમ સ્ટ્રક્ચરના



કારણે આકર્ષક લાગે છે. અને તેની સામે આવેલા બગીચામાં મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાઓ તેને વિશેષ મહત્વ બક્ષે છે. આ વિધાનસભા સંકુલમાં આઝાદીના લડવૈયાઓનું તૈલચિત્ર પ્રદર્શન ઉપરાંત વિવિધ સ્મારકો પણ આવેલા છે.

● સરિતા ઉધાન (સે. ૧૦)

સાબરમતી નદીના કિનારે ખૂબ જ વિશાળ જગ્યામાં વિકસાવાયેલુ આ ઉધાન યુવા વર્ગમાં ખૂબ જ પ્રિય છે. આ ઉધાનમાં ગાંધીનગરાઓ ઉપરાંત સમગ્ર જિલ્લાના લોકો પરિવાર સાથે અથવા મિત્રો સાથે આવે છે. અહીં ખૂબ ઘટાટોપ વૃક્ષો અને ગીચ ઝાડીઓ સાથે નયનરમ્ય કુદરતી સૌંદર્ય જોવા મળે છે. આ ઉધાનમાં બાળકો માટે પણ વિવિધ રમતના સાધનોની વ્યવસ્થા છે. આ પાર્કમાં ગુજરાત પર્યટન વિભાગનું તોરણ કાફેટેરિયા પણ આવેલુ છે. તેમજ આ ઉધાનની બાજુમાં આવેલ સાંસ્કૃતિક કુંજ ખાતે દર વર્ષે ઉજવાતો વસંતોત્સવ આખા દેશમાં પ્રખ્યાત બન્યો છે. આ ઉપરાંત દેશભરમાંથી કલાકારો અહીં આવીને તેમની કલા પ્રદર્શિત કરે છે. આ ગાર્ડન સવારે જોગીંગ અને કસરત માટેનું ઉત્તમ સ્થળ ગણાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ગાંધીનગરનો બદલાતો સામાજિક ચહેરો

## સમરસ ગાંધીનગર

- દર્શન મારૂ

નાનકડા કર્મચારી નગર તરીકે આકાર પામેલ મહાત્મા ગાંધીના નામ પરથી અસ્તિત્વમાં આવેલ ગાંધીનગર આજે એક નગર નહીં પણ મહાનગર બની ગયું છે. નગરમાંથી મહાનગર સુધી ની સફરમાં ગાંધીનગર અડધી સદી વટાવી ચૂકવાની નજીક આવી ગયું છે. ગાંધીનગરની આ સ્વર્ણિમ સફરમાં ગાંધીનગરનું એક પછી એક તબક્કાવાર સામાજીક જીવન બદલાતું રહ્યું છે. કર્મચારીના નગર તરીકે ઓળખાતા આ નગરમાં એક પછી સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક રંગોનો ઉમેરો થતા અનેક તડકી છાંયડી પછી નગર નામનો છોકરો આજે ૫૦ વર્ષની ઉંમરે મહાનગર બની ઉભો છે ત્યારે ગાંધીનગરના જન્મ દિનને વધાવવા સૌ કોઈ આનંદ અનુભવી રહ્યા છે.

પૂ. મહાત્મા ગાંધીના નામ પરથી ૨ ઓગષ્ટ ૧૯૬૫ના રોજ સુઆયોજીત ગાંધીનગર આકાર લેતા તેનો વિધિવત જન્મ થયો હતો. રાજયના પાટનગરની ઓળખ પ્રાપ્ત કરનાર આ સુંદર રમ્ય અને હરિયાળા નગરનું આયોજન ફ્રેન્ચ શિલ્પી લીકા બુશીયરે કર્યું હતું. આ સુંદર ઉધાનનગરી ત્રીસ સેકટરો અને ૫૭ ચોરસ કિમીમાં વિસ્તરેલ છે. ગાંધીનગર વર્ષોથી ફાઈલો અને કચેરીની નગરી તરકે ઓળખાતું હતું. ૭૦ના દાયકા પહેલા ગાંધીનગર સરકારી કામકાજનું માત્ર કેન્દ્ર ગણાતું હતું. પરંતુ વર્ષ -૧૯૭૨ પછી કર્મચારી નગરનું સામાજીક ઘડતર થતા એક પછી એક સોપાનો સર કરતા ગાંધીનગરનો ચહેરો અને નામ નિખરતા ગયા. ધીમે ધીમે નગરમાં સરકારી રહેણાંક મકાનોનું નિર્માણ થવા લાગ્યું અને કર્મચારી આવીને વસવા લાગ્યા. પરંતુ અલગ અલગ જાતિ-જ્ઞાતિ અને ધર્મના લોકો વચ્ચે હજુ પણ સમન્વય બંધાયો ન હતો નગરમાં



ક્યાંકને ક્યાંક કર્મચારી અને અધિકારીઓ વચ્ચે ઈગો સ્પષ્ટ દેખાતો હતો પરિણામે લાગણી અને ભાઈચારા જેવા સંબંધોનો જન્મ જ ન થયો હતો.

લાગણી વગરના આ નગરમાં એક પછી એક સામાજિક સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંસ્થાઓનું આગમન થવા માંડયુ. સંસ્થાઓના આગમન સાથે ગાંધીનગરની જીવન શૈલીમાં અનેરો પ્રાણવાયુ ફુંકાયો હતો. નગરજનો પરસ્પર રીતે એકબીજાના પરિચયમાં આવવા લાગ્યા અને સામાજિક સાંસ્કૃતિક સંસ્થાઓમાં જોડાવવા લાગ્યા હતા. નાના-નાના ઉત્સવો-તહેવારો સાથે ઉજવવા લાગ્યા હતા પરંતુ નગરમાં હજુ પણ યોગ્ય વ્યવસ્થાનો અભાવ વર્તાતો હતો. આવામાં જ નગરની આસપાસના ગામડાઓના નાના મોટા વેપારીઓ શહેરમાં આવતા ધંધા-રોજગારના એકમો સ્થપાયા. ધંધા રોજગારના માર્ગો ખુલતા વેપારીઓ પણ આર્થિક રીતે પગભર થવા માંડયા હતા. પરિવહન આરોગ્ય, શિક્ષણ સાથે જરુરીયાત મુજબની સુવિધાઓ પણ નગરમાં આવવા લાગી હતી. હવે શહેરીજનોના આનંદ અને મોજશોખ માટેની સુવિધાઓમાં પણ વધારો થવા માંડયો હતો. આમ ગાંધીનગરમાં સામાજીક જીવનનો વિકાસ થતા કલા અને સાંસ્કૃતિક નગરીની ઓળખ પ્રાપ્ત થતા નગરની યશ ગાથામાં વધુ એક પિંછુ ઉમેરાયું હતું.

આમ ગાંધીનગર અને તેની આસપાસ ધીમે ધીમે જોવાલાયક સ્થળો-ઈમારતોનું નિર્માણ થવા લાગ્યું. સરકારી આવાસની સાથે ખાનગી રહેણાંક મકાનોનું પણ નિર્માણ થતા ગાંધીનગર ચહલ-પહલ ભર્યું ધબકતું શહેર બની ગયું હતું.

ગાંધીનગરના સામાજીક જીવન ઘડતરમાં ત્રણ ગોઝારી ઘટના ઘટી હતી. જેને ગાંધીનગરના સામાજીક જીવનમાં મહત્વના ટર્નિંગ પોઈન્ટ માનવામાં આવે છે. આ ઘટનાઓએ ગાંધીનગરના રહીશોમાંથી 'હું પણું' દૂર કરી આપણા પણુંનો સંચાર કર્યો હતો. આથી નગરજનોમાં એકતા અને ભાઈચારા સાથે આપણાપણાનો અવાજ બુલંદ બન્યો હતો. ગાંધીનગરના ઈતિહાસમાં રુચિ અપહરણ કાંડ, ધરતીકંપ અને અક્ષરધામ મંદિરમાં આતંકવાદીઓનો હુમલો એ ત્રણ ઘટનાઓએ ગાંધીનગરને રીતસરનું હચમચાવી નાખ્યું હતું ત્યારે સૌ નગરજનોએ એક સાથે અવાજ ઉઠાવી હાથથી હાથ મિલાવી પડકારનો સામનો કર્યો હતો. ટુંક જ સમયમાં દુઃખો ભુલાવી ગાંધીનગરે એવી તો વિકાસની રાહ પકડી તે આજે આપણું આ હરિયાળુ ગાંધીનગર વિશ્વ ફલક ઉપર પોતાનું નામ રોશન કરી રહ્યું છે. ગાંધીનગરના સામાજિક ઘડતરમાં નગરની વિવિધ સામાજિક, સાંસ્કૃતિ અને શૈક્ષણિક સંસ્થાઓ તેમજ વિવિધ વેપારી મંડળો અને સમાજના અગ્રણીઓનો સિંહ ફાળો રહ્યો છે. આજે ગાંધીનગરમાં દેશ વિદેશની નાની મોટી કંપનીઓ, સંસ્થાઓ, અન્ય રાજયના નાગરિકો પણ ગાંધીનગરમાં આગમન કરી રહ્યા છે. દેશ વિદેશની વિવિધ ક્ષેત્રની હસ્તીઓ નગરની રચના, સ્વચ્છતા અને હરિયાળી જોઈ પ્રભાવિત થઈ જાય છે. ભારતીય રાજકારણમાં ગાંધીનગર શહેરને રાજકારણની પ્રયોગશાળા માનવામાં આવે છે. આજે પણ શહેરમાં ચાર જેટલા પૂર્વ મુખ્યમંત્રીઓ અનેક મંત્રીઓ, ધારાસભ્યો પોતાના મૂળવતન છોડી ગાંધીનગરમાં સ્થાયી થઈ ગયા છે અને ખુશખુશાલ જીવન વિતાવી રહ્યા છે. ગાંધીનગર શહેરના જન્મથી લઈ અત્યાર સુધી નગરે અનેક તડકી છાંયડી સારા -નરસા પ્રસંગો જોયા છે ત્યારે હવે ગાંધીનગર 'નગર' નામનો નાનો છોકરો મટી ૫૦ વર્ષની ઉમરે નગરમાંથી મહાનગર બની ઉભો છે. જેનું સર્વે ગાંધીનગરાઓને ગર્વ છે. ગાંધીનગરના સ્વર્ણિમ જન્મ દિને હેપી બર્થ ડે ગાંધીનગર....

# હવે, ગાંધીનગર વિદ્યાધામ બની રહ્યું છે

(દિલીપ પ્રજાપતિ)


આજથી આપણું ગાંધીનગર સુવર્ણનગરીની યાદીમાં આવી ગયું છે. શહેરનો ૫૦મો સ્થાપના દિવસ ઉજવાઈ રહ્યો છે ત્યારે આ ગામે અનેક ચઢાવઉતાર પાર કર્યા છે. શહેર એક સરકારી કોલોનીમાંથી મહાનગર બની ગયું છે. શહેરનાં વિકાસમાં સરકારી, સ્કુલો, કૉલેજો અને યુનિવર્સિટીઓએ પણ ખભેથી ખભો મિલાવ્યો છે. શહેરની સંસ્થાઓ અને છાત્રાલયો દ્વારા ખુબ જ સહયોગ આપવામાં આવ્યો છે.

આજથી પચાસ વર્ષ પૂર્વે જયારે આ નગરની રચના કરવામાં આવી ત્યારે કોઈએ કલ્પના પણ નહિ કરી હોય કે મહાત્માના નામ પરથી નિર્માણ કરવામાં આવેલ આ શહેર પણ મહાત્મા ગાંધીના જેટલું જ ખ્યાતનામ થશે. શહેરની પ્રથમ ઈંટ જયાં મુકવામાં આવી છે તે થર્મલ પાવર સ્ટેશનથી આજે નગરની યાત્રા છેક મેટ્રો ટેન સુધી આવીને અટકી છે. જે ટૂંક સમયમાં શરૂ થશે.

ગાંધીનગર આજે શિક્ષણના કાશી તરીકે ઓળખાય છે. અહિંયા રાજયના તેમજ અન્ય રાજયોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે આવે છે અને હમણાંથી તો વિદેશી વિદ્યાર્થીઓ પણ પોતાના પ્રોજેકટ કરવા માટે પસંદગીનો કળશ આ



શહેર પણ ઢોળે છે. ત્યારે આ નગરના શિક્ષણની સુવાસ છેક દરિયાપાર સુધી પહોંચી છે તેનું આપણને ગર્વ છે.



પાટનગરે શિક્ષણક્ષેત્રે હરણફાળ વિકાસ કર્યો છે. જયારે આ શહેરનું નિર્માણ કરવામાં આવ્યું ત્યાર બાદ આ ગામમાં શિક્ષણની જયોત જલાવવામાં આવી હતી. ત્યાર બાદ માઉન્ટ કાર્મેલ, સેંટ ઝેવિયર્સ, સેક્ટર-૧૬ સરકારી માધ્યમિક શાળા અને કડી હાઈસ્કૂલ નગરના વિદ્યાર્થીઓને શિક્ષણનો માર્ગ બતાવ્યો. આજે આ શિક્ષણની જયોતથી નગર ઝળહળે છે.

ગાંધીનગર શહેરમાં સરકારે પણ શિક્ષણ અભિયાનને વેગવંતુ બનાવ્યું છે. શહેરમાં આજે ૩૨ સરકારી પ્રાથમિક શાળાઓ, ૪૦ જેટલી માધ્યમિક શાળાઓ, ૨૮ જેટલી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને ૮ જેટલી યુનિવર્સિટીઓ કાર્યરત છે. આ તમામ શિક્ષણરૂપી વડલાઓ આજે તેમની ઘેઘુર ઘટાઓની છાયો વચ્ચે શિક્ષણનું રસપાન કરાવી રહ્યા છે. શહેરમાં આજે અનેક ખાનગી શાળાઓ પણ આવેલી છે.

૫૦મા જન્મદિવસ નિમિત્તે શાળાઓનું મહત્ત્વ ઓછું આંકવું તે બિલકુલ અયોગ્ય ગણાશે. પાટનગરમાં સ્વામિનારાયણ ગુરુકુળ, કડી સર્વ વિશ્વ વિદ્યાલય, માઉન્ટ કાર્મેલ, સેંટ ઝેવિયર્સ, ચૌધરી શિક્ષણ સંકુલ, સ્કુલ ઓફ એચિવર, સહિત અનેક શાળાઓ આવેલી છે. જયારે આ નગરમાં ખાનગી શાળાઓ ન હતી ત્યારે સરકારી પ્રાથમિક શાળાઓનું મહત્ત્વ ખુબ જ હતું. શહેરમાં શિક્ષણ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો શિખવાડતી, શાળાઓ પણ અહિંયા આવેલી છે. આઈ.એ.એસ., આઈ.પી.એસ.ની તાલીમ આપતી મમતા ટ્રેનિંગ સેન્ટર, ડાન્સ, ડ્રામા, ડ્રોઈંગના શોખીનો માટે કલ્ચરલ સ્કૂલ, વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતા કલાસીસો, તેમજ ડૉકટર બનવા માટે મેડિકલ કૉલેજ પણ અહિંયા શિક્ષણ પીરસે છે.

ગાંધીનગર માટે સૌભાગ્યની વાત છે કે આજે આ નગર શિક્ષણનાં સહારે ઊંચી ઊડાન ભરી રહ્યું છે. આ નગરના નિર્માણ બાદ આજ દિન સુધી અહિંયા ૮ યુનિવર્સિટીઓ સ્થપાઈ છે. ધીરૂભાઈ અંબાણી ડીમ્ડ યુનિવર્સિટી, ગુનેગારોને પકડવામાં મદદરૂપ થતી ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, બાળકો અને ધાત્રી માતાઓની શિક્ષણ થકી સારસંભાળ અને સંસ્કારોનું સિંચન કરતી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સેન્ટ્રલ લેવલના અભ્યાસક્રમો ચલાવતી સેન્ટ્રલ યુનિવર્સિટી, ઈજનેરી, માર્કેટિંગ, એમ.બી.એ, પત્રકારત્વ સહિતના અભ્યાસક્રમો ચલાવી વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ પીરસતી કડી સર્વ વિશ્વ વિદ્યાલયનો શિક્ષણક્ષેત્રે ખુબ જ મોટો ફાળો રહ્યો છે.

ગાંધીનગરના યુવાનો સ્પોર્ટસમાં રસ ધરાવતા હોય અને કારકિર્દી ઘડવી ઈચ્છુક યુવાનો માટે સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી પણ કાર્યરત છે. આ શહેરમાં રમશે ગુજરાત... જીતશે ગુજરાત... અંતર્ગત અનેક ખેલાડીઓએ ખેલમાં પોતાનું કૌવત બતાવ્યું છે. જયારે પંડિત દિનદયાલ યુનિવર્સિટી, ફેશન ડિઝાઈન ક્ષેત્રે શિક્ષણ આપી ફેશનની દુનિયામાં નામ બને તે માટે નેશનલ ફેશન ટેકનોલોજીનું પણ આજ નગરનું ગૌરવ છે.

શહેરને શિક્ષણના કાશીની મળેલી ઉપાધિથી રાજયના છેવાડાના ગામડાનો યુવાન આ શહેરમાં અભ્યાસ કરવા આવે છે. ગાંધીનગરમાં ઉચ્ચ કોટીનું જ્ઞાન મેળવી આજ શહેરની માટી સાથે જોડાઈ જાય છે. લોકો પોતાના બાળક ગાંધીનગર પાટનગરમાં ભણે છે તેવું કહેતા ગર્વ અનુભવે છે. બહારથી આવતા વિદ્યાર્થીઓ માટે અનેક સમાજો દ્વારા સેવામાં છાત્રાલયો પણ બનાવવામાં આવી છે.

આજે સુવર્ણ જયંતિ અવસરે હરખથી કહેવાય છે કે આ નગરમાં ૨૦૦ થી વધારે છાત્રાલયો આવેલી છે. સમાજના ઉત્થાન માટે ચલાવવામાં આવતી છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને પોતાના ઘર જેવી સુવિધા પુરી પાડવામાં આવે છે. ત્યારે સમાજ છાત્રાલયો ખોલવા માટે અથાગ પ્રયત્નો બાદ આ સફળતા મળી છે અને આ છાત્રાલયોના કારણે અન્ય જીલ્લાના વ્યક્તિઓ સાથે આત્મીયતા કેળવાય છે.

છાત્રાલયોનાં કારણે અહિંયા વિદ્યાર્થીઓ હોંશે હોંશે અભ્યાસ કરવા આવે છે. અને તેમાંય આ નગરની છાપ એક કર્મચારી નગર તરીકેની પણ છે. જેના કારણે નગરમાં શિક્ષણના ધામોનો વિકાસ થયો છે. આજે આપણા રાજયનું પાટનગરનો વિકાસ બુલેટ ટ્રેનને જેમ થઈ રહ્યો છે અને આ વિકાસમાં શહેરની શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલયો અને શિક્ષણવિદોનો પણ સિંહફાળો રહેલો છે. આજે આ પાટનગરની શૈક્ષણિક સંસ્થાઓની જયોત પુરા રાજયમાં પ્રકાશ ફેલાવી રહી છે. ત્યારે ચાલો આપણે પણ આ પ્રકારના અજવાળે આજે આ નગરના જન્મ દિવસને મનાવીએ.

હેપ્પી બર્થ ડે... ગાંધીનગર.